મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દીક્ષાર્થીઓની વર્ષીદાન યાત્રામાં ઉપસ્થિત રહ્યા

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે અમદાવાદના ઉસ્માનપુરા ખાતેના ગુલાબ શાંતિ સ્વાધ્યાય પરિવારના પટાંગણમાં આયોજિત દીક્ષાર્થી વર્ષીદાન યાત્રામાં સહભાગી થયા હતા. આ વર્ષમાં યાત્રામાં સહભાગી થવા માટે જ્યારે મુખ્યમંત્રી પધાર્યા ત્યારે જૈન આરાધકોએ 'જૈનમ જયતિ શાસન'ના જયઘોષ સાથે તેમનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ આચાર્ય ભગવંત યોગતિલક સૂરીશ્વરજીના આશીર્વાદ પણ પ્રાપ્ત કર્યા હતા. આ અવસરે જૈન મુનિગણ અને વિશાળ સંખ્યામાં જૈન આરાધકો ઉપસ્થિત રહ્યા હતા.

આજથી રિક્ષાચાલકો પોતાની રીતે વધારેલું ભાડું વસૂલશે

મનિમમ ભાડું રૂપિયા ૨૦ કરવામાં આવ્યું : સરકાર ભાડા અંગે નિર્ણય નહીં કરે તો રિક્ષાચાલક પોતાની રીતે તૈયાર કરાયેલા નવા ભાડાપત્રકનો અમલ શરૂ કરશે

અમદાવાદ, તા.૨૪

CNGના ભાવમાં થયેલા તોતિંગ વધારાના પગલે અમદાવાદ શહેરના રિક્ષાચાલકો ભાડા વધારાની માગ કરી રહ્યા છે. પરંતુ, આ મુદ્દે સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહીં હોવાથી શહેરના રિક્ષાચાલક એસોસિએશને નવું ભાડાપત્રક તૈયાર કરી દીધું છે. તારીખ ૨૫ ઓક્ટોબર સુધીમાં જો સરકાર ભાડા અંગે નિર્ણય નહીં કરે તો રિક્ષાચાલક પોતાની રીતે તૈયાર કરાયેલા નવા ભાડાપત્રકનો અમલ શરૂ કરી દેશે.

નવા ભાડાપત્રકમાં રિક્ષાનું મિનિમમ ભાડું રૂપિયા ૧૫થી વધારીને ૨૦ કરવામાં આવ્યું છે. જ્યારે ત્યારપછીના દર કિલોમીટરનું ભાડું રૂપિયા ૧૦થી વધારીને ૧૫ કરવામાં આવ્યું છે. હાલ દર ૫ મિનિટે રૂપિયા ૧ વેઈટિંગ ચાર્જ લેવામાં આવે છે, તે વધારીને દર ૫ મિનિટના રૂપિયા ૫ વેઈટિંગ ચાર્જ કર્યો છે. એટલે કે, દર મિનિટે રૂપિયા ૧ વેઈટિંગ ચાર્જ લાગશે. અહીં નોંધનીય છે કે ઓક્ટોબર મહિનામાં ઋદ્વ્યના ભાવમાં થયેલા જંગી વધારાના પગલે રિક્ષાચાલકો ભાડા વધારાની માગણી સાથે મુખ્યમંત્રીને મળવા ગયા હતા. જ્યાં તેમણે ભાડા વધારા અંગેની માગણી કરી હતી. જેથી તે વખતે મુખ્યમંત્રીએ તેઓને હકારાત્મક અભિગમ દાખવી આગામી દિવસોમાં બેઠક કરી ભાડું વધારવા માટેની ખાતરી આપી હતી. જોકે, ત્યારબાદ રિક્ષાચાલકો સાથે બેઠક કરવામાં આવી નથી અને ભાડામાં પણ વધારો નહીં કરાયો હોવાથી રિક્ષાચાલકો રોષે ભરાયા હતા. ત્યારે શહેરના રિક્ષાચાલકો દ્વારા હવે પોતાની રીતે નવું ભાડાપત્રક તૈયાર કરાયું છે.

જેમાં રિક્ષાનું મિનિમમ ભાડું રૂપિયા ૧૫ના બદલે ૨૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. ઉપરાંત ત્યારબાદ દરેક કિલોમીટરનું ભાડું રૂપિયા ૧૦થી વધારીને ૧૫ કરવામાં આવ્યું છે. રિક્ષાચાલકો દ્વારા વેઈટિંગ ચાર્જમાં સુધારો કરાયો છે. હાલ દર ૫ મિનિટે રૂપિયા ૧ વેઈટિંગ ચાર્જ લેવામાં આવે છે, તે વધારીને દર ૫ મિનિટના રૂપિયા ૫ વેઈટિંગ ચાર્જ કર્યો છે. એટલે કે, દર મિનિટે રૂપિયા ૧ વેઈટિંગ ચાર્જ લાગશે. જ્યારે લગેજ ચાર્જ પર વધારીને રૂપિયા ૫ કરી દેવાયો છે.

નેતાઓએ પણ કાર્યકર્તા બનીને જ રહેવું : પાટીલ

ભાજપના પ્રદેશ પ્રમુખે મીઠો ઠપકો આપીને કહ્યું : પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે પારડી વિધાનસભા બેઠકના ભાજપની પેજ કમિટીના સંમેલનમાં હાજરી આપી હતી

વલસાડ, તા.૨૪

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ આજે વલસાડ જિલ્લાના વાપીની મુલાકાતે હતા. જ્યાં સી.આર પાટીલે પારડી વિધાનસભા બેઠકના ભાજપની પેજ કમિટીના સંમેલનમાં હાજરી આપી હતી. પોતાના સંબોધનમાં સી.આર પાટીલે ભાજપના પેજ કમિટી અને તેની તાકાત અને ભાજપના સંગઠનની શક્તિ વિશે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. સીઆર પાટીલે કોઈપણ ચૂંટણી જીતવા એકલી લોકપ્રિયતા નહિ, પરંતુ સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓની ફોજ હોવી ખૂબ જ જરૂરી છે તેવું જણાવ્યું હતું.

ભાજપ પ્રદેશ પ્રમુખે સંબોધનમાં ટિકિટ ન મળતા નારાજ થતા અને પાર્ટી બદલતા નેતાઓ અને કાર્યકર્તાઓને પણ આડકતરી રીતે ઈશારો કરીને જણાવ્યું હતું કે, હવે પાર્ટીમાંથી ટિકિટ નહીં મળતા નારાજ થતાં કે પાર્ટી બદલતા નેતાઓએ પણ સમજવાની જરૂર છે કે, પેજ કમિટીની તાકાત એટલી છે કે હવે કોઈ એક વ્યક્તિ નારાજ થાય તો પાર્ટી પરિણામ બદલાશે તેવું કોઈ વિચારી રહ્યું હોય તો એ ખોટું છે. કારણ કે આજે ચૂંટણી જીતાડવા માટે કાર્યકર્તાઓની ફોજ અને પેજ કમિટિની તાકાત પર જ ચૂંટણીનું પરિણામ આવે છે. હવે ધારાસભ્યોને પેજ કમિટીની તાકાતનું ભાન થયું છે. નેતાઓએ પણ કાર્યકર્તા બનીને જ રહેવું જોઈએ. નેતાઓ મત વિસ્તારમાં આવતા નથી તેવી ફરિયાદો ઉઠી છે. ધારાસભ્યો, સાંસદો બહાર જાય તો આગેવાનોને જાણ કરો. બહાર જાઓ તો જાણ કરો એટલે લોકોની ફરિયાદો ન ઉઠે. જ્યાં પાટીલે કહ્યું કે, કોંગ્રેસને હરાવવા કરતા તેમના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થાય તેવી મહેનત કરવાની છે અને ધારાસભ્યો-સાંસદો પોતાના મતવિસ્તારોમાં સંગઠનના કામકાજ અર્થે જાય ત્યારે જે-તે સંગઠનના હોદ્દેદારો અને આગેવાનોને વોટ્સએપ ગ્રુપમાં જાણ કરવાનું રાખો એટલે પોતાના મતવિસ્તારમાં નેતાઓ આવતા જ નથી તે ફરિયાદ દૂર થઈ જાય. ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામો પછી પેજ કમિટીની તાકાતનું હવે ધારાસભ્યોને ભાન થયું છે.

સીઆર પાટીલે પોતાના આગવા અંદાજમાં તડ અને ફડની ભાષામાં કાર્યકર્તાઓ અને પાર્ટીના અગ્રણીઓને પણ માર્ગદર્શન આપ્યું હતું. સાથે પાર્ટીના હોદ્દેદારો અને અગ્રણીઓને કાર્યકર્તાના માન-સન્માન જાળવવા પણ ટકોર કરી હતી.

પાર્ટીના કાર્યક્રમમાં પાર્ટીના અગ્રણીઓ અને હોદ્દેદારોને પણ કાર્યકર્તાઓની સાથે સ્ટેજની નીચે બેસવાની તૈયારી રાખવા માટે પણ જણાવ્યું હતું. સીઆર પાટીલે ભાજપના પ્રમુખને ટકોર કરી કે, નેતાઓએ પણ કાર્યકર્તા જ બનીને રહેવું, ડાયઝ પર કે સ્ટેજ પર બેસવું નહિ.

આમ વિધાનસભા બેઠકના પેજ કમિટીના સંમેલનમાં સીઆર પાટીલે જિલ્લાના ધારાસભ્યોને પણ પેજ કમિટીનું સોંપેલું ટાર્ગેટ નિર્ધારિત સમયમાં જ પૂરો કરવા માટે અલ્ટિમેટમ આપ્યું હતું, અને જે નહીં કરી શકે તો અન્ય નામનો પણ વિચાર કરવામાં આવશે તેવી પણ જાહેરમાં ધારાસભ્યોને ચીમકી આપી હતી. આગામી સમયમાં વાપીમાં આવી રહેલ નગરપાલિકાની ચૂંટણીમાં પેજ કમિટીના સહારે વાપી પાલિકાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા હાકલ કરી હતી.

નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન દ્વારા તમામ બેંકોને નાના માં નાના વ્યકિતઓ સુધી ધિરાણ પહોંચે તે માટે '' ક્રેડિટ આઉટરીચ '' પ્રોગામ લોન્ચ કર્યો છે. જે અનુસંધાને શ્રી સુરત ડી કો ઓ બેંક લીમીટેડ, નાબાર્ડ તથા શ્રી સિદ્ધિવિનાયક રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ બીલીમોરાના સંયુકત ઉપક્રમે બારડોલી ખાતે ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમ યોજાયો હતો. જેના અનુસંધાને સખી મંડળની ૧૮ લ્લન્ય ગ્રુપોને દરેકને ૨ લાખ પ્રમાણે ૩૬ લાખનું ધિરાણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત ડિસ્ટ્રીક બેંક નાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી મહાવીરસિંહ ચૌહાણ, નાબાર્ડ નાં ડીડી એમ શ્રીમતી કુન્તલ સુરતી, સુરત જીલ્લાનાં લીડ મેનેજર શ્રી જેઠવા તથા શ્રી સિદ્ધિવિનાયક રૂરલ ડેવલપમેન્ટ. ટ્રસ્ટ બીલીમોરાના પ્રમુખ શ્રી મુકેશભાઈ મહેતા અને શ્રી સુરત ડી કો ઓ બેંક લીમીટેડ વિવિધ બ્રાંચના મેનેજર તથા સખીમંડળની બહેનો મોટા પ્રમાણમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવામાં આવ્યો હતો. લીડ મેનેજર જેઠવા દ્વારા BLBCની સફળ કામગીરીનો ચીતાર આપવામાં આવ્યો હતો. તથા બેંકનાં એમડી શ્રી મહાવીરસિંહ ચૌહાણ દ્વારા બેંક નાના માં નાના વ્યકિત ને મદદ કરવા હમેશા તત્પર રહે છે. સુરત નાબાર્ડ ના ડીડી એમ કુન્તલ સુરતી દ્વારા નાબાર્ડની વિવિધ માહિતી આપવામાં આવી હતી.

નવી પાર્કિંગ પોલિસીને રાજ્ય સરકારની મંજૂરી

જલદી અમલમાં આવશે નવી પાર્કિંગ પોલિસી : કાર ખરીદતા પૂર્વે પાર્કિંગની જગ્યાના પુરાવા આપવા પડશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી પાર્કિંગ પોલિસીને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને ટૂંક સમયમાં તબક્કાવાર અમલમાં આવશે. સપ્ટેમ્બરમાં, છસ્ઝની સ્થાયી સમિતિ દ્વારા ડ્રાફ્ટ પોલિસીને મંજૂરી આપવામાં આવી હતી જેમાં એક ફેરફાર સૂચવવામાં આવ્યો હતો, જેમાં નિયમો મુજબ નાગરિકોએ વાહન ખરીદતા પહેલા તેમની પાસે પાર્કિંગની જગ્યા હોવાના પુરાવા રજૂ કરવા પડશે. ત્યારબાદ આ ડ્રાફ્ટ રાજ્ય કક્ષાની સમિતિને સોંપવામાં આવ્યો હતો જેણે ૧૬ ઓક્ટોબરે તેને મંજૂરી આપી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ૧૬ ઓક્ટોબરે પાર્કિંગ પોલિસીને મંજૂરી આપી હતી. આપણે ધ્યાનમાં રાખવું પડશે કે રસ્તાની જગ્યા મર્યાદિત છે અને ઉપલબ્ધ જગ્યાનું સંચાલન કરવું પડશે. નવી નીતિ એવી રીતે ઘડવામાં આવી છે કે તે ચોક્કસ સમયે ચોક્કસ વિસ્તારોની પાર્કિંગની જરૂરિયાતો પૂરી કરે છે.

એક છસ્ઝ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કોર્પોરેશન તબક્કાવાર રીતે પોલિસીનો અમલ કરશે કારણ કે એકસાથે અમલીકરણ શક્ય નથી. તેમણે કહ્યું કે છસ્ઝ દરેક તબક્કાના અમલીકરણ પહેલા અને પછી જાગૃતિ અભિયાન ચલાવશે. નવી નીતિ હેઠળ સામાન્ય પાર્કિંગ પ્લોટ માટે માસિક અને વાર્ષિક પરમિટ આપવામાં આવશે. આ ઉપરાંત છસ્ઝની રહેણાંક સોસાયટીઓની આસપાસ શેરીઓને આવરી લેતી પાર્કિંગ પરમિટ આપવાની યોજના છે. પોલિસી કહે છે કે, નવી નીતિ પાર્કિંગની જગ્યાની વહેંચણીને પ્રોત્સાહન આપે છે. જે મુજબ અમદાવાદમાં પાર્કિંગની જગ્યાની અછત અને પાર્કિંગ સુવિધાઓના અસમાન વિતરણને કારણે ઉપલબ્ધ જગ્યાનો અસરકારક ઉપયોગ થવો જોઈએ. સીજી રોડ, આશ્રમ રોડ, પાલડી અને અન્ય સીબીડી વિસ્તારો જેવા વિસ્તારોમાં ઓફિસ સમય દરમિયાન પાર્કિંગની માંગમાં વધારો થાય છે જ્યારે સપ્તાહના અંતે માંગ ઘટે છે. ઓફિસ બિલ્ડિંગ, શાળાઓ, બેંકો અને બિઝનેસ પાર્ક, મોલ અને પાર્ક પાર્કિંગ જગ્યાઓ પણ અઠવાડિયાના દિવસો અને સપ્તાહના અંતે પાર્કિંગની જગ્યાનો અસમાન ઉપયોગ જોવા મળે છે. પોલિસી કહે છે કે માલિકી અને અધિકારક્ષેત્રના મુદ્દાઓને કારણે વિસ્તારના અન્ય વાહનો આ પાર્કિંગ જગ્યાઓનો ઉપયોગ કરી શકતા નથી. નવી પોલિસી મુજબ પાર્કિંગની જગ્યાના પુરવઠા અને માંગ વચ્ચેની અસમાનતાને પાર્કિંગની જગ્યાઓ વહેંચીને દૂર કરી શકાય છે. ઉપરાંત, નવી પોલિસી ઘણી ઈમારતો અને સુવિધાઓ વચ્ચે પાર્કિંગની જગ્યાની વહેંચણીને પ્રોત્સાહિત કરવા માટે જોગવાઈઓ કરે છે જે એકબીજાની નજીક છે. સંબંધિત પદાધિકારીઓએ વાહનો માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાના રહેશે.

ભારતીય વિચારમંચ દ્વારા જનસંખ્યા નિયંત્રણ સંદર્ભે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

ભારતીય વિચાર મંચ, અમદાવાદ શહેર દ્વારા ગઈકાલે દિનેશ હોલ ખાતે સાંજે ''શું ભારતમાં જનસંખ્યા નિયંત્રણ કાયદાની જરૂર છે?'' વિષય ઉપર સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. રાકેશ સિન્હા (સાંસદ, રાજ્યસભા) ઉપસ્થિત રહી વિષય ઉપર એક ઉત્કૃષ્ટ વક્તવ્ય આપ્યું હતું.

તેમના વક્તવ્યના મુખ્ય મુદ્દામાં તેમણે જણાવેલ કે આ કાનૂન અંગેનું તેમને બિલ જૂન ૨૦૧૯ માં એક પ્રાઈવેટ મેમ્બર તરીકે રજૂ થવાનું હતું. આ અધિનિયમ અંગેની પ્રસ્તાવના રાખતા તેઓએ જણાવેલ કે ૧૯૪૦માં જવાહરલાલ નહેરુ દ્વારા પણ એક સબ કમિટીનું ગઠન વસ્તી નિયંત્રણના વિષયની ગંભીરતાને ધ્યાને લઈને કરવામાં આવેલ ત્યારબાદ ૧૯૪૪માં મિલ મેમોરિયલ ક્વાર્ટરલી દ્વારા એક સંશોધન આ જ વિષયના સંદર્ભમાં રજૂ કરવામાં આવેલ. ૧૯૪૬માં ઈન્ટરીમ ગવર્મેન્ટ દ્વારા હેલ્થ સર્વે તેમજ પોપ્યુલેશન કમિટી અંતર્ગત આ વિષયને ગંભીરતાથી ધ્યાને લેવામાં આવેલ. આઝાદી મળ્યા બાદની તમામ પંચવર્ષીય યોજનામાં મળેલ અગ્રીમતાને ધ્યાને લઇ તેઓએ જણાવેલ કે આજ સુધી આ વિષય પર કુલ બે લાખ કરોડ જેટલી મોટી રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવેલી છે.

તેમના ઉત્કૃષ્ટ વક્તવ્ય બાદ સભાગારમાં ઉપસ્થિત પ્રબુદ્ધજનો સાથે તેમનો વિચાર વિમર્શ થયો. વસ્તી નિયંત્રણ વિશે પૂછાયેલા તમામ પ્રશ્નોનો સમાધાન કરતા ઉત્તર તેમણે આપ્યા હતા.

આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ અને શહેરના પ્રબુદ્ધજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોરોના માર્ગદર્શિકા અનુસાર યોજાયો હતો.

આ સેમિનારનું ભારતીય વિચાર મંચના ફેસબુક પેજ અને યુટ્યુબ ચેનલ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર ભારતથી શ્રોતાઓ જોડાયા હતા અને સેમિનાર વિશે ઉત્તમ પ્રતિભાવો આપ્યા હતા. વંદેમાતરમ ના રાષ્ટ્રગાન સાથે આ સેમિનાર પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ચૂંટણી : બનાસબેંકની ૧૯માંથી ૬ બેઠકો બિનહરીફ

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી બનાસકાંઠા મધ્યસ્થ સહકારી બેંકના નવા સંચાલક મંડળના ૧૯ ડિરેક્ટરની ચૂંટણીમા ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા છે જેમા સાંતલપુર બેઠક પર બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સહિત છ બેઠકો ચૂંટણી પૂર્વે બિન હરીફ થઈ છે.

બનાસબેંક તરીકે જાણીતી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિયામક મંડળના ૧૯ સભ્યોની મુદત અવધિ પૂર્ણ થતાં નવા નિયામક મંડળના સભ્યો માટે ૧૨ નવેમ્બર ૨૦૨૧ના ચૂંટણી જાહેર કરાઈ છે જેમા ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે ૧૯ બેઠક માટે ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા છે આ ઉમેદવારી પત્રોમાં સેવા સહકારી મંડળી વિભાગમાં ૭૨, ઈતર મંડળી વિભાગમાં ૧૩, દૂધ ઉત્પાદન મંડળી વિભાગમાં ૩ અને સ્વ સહાય જુથમાં ૧ ઉમેદવારી પત્ર ભરાયું છે.

રાજ્યમાં કોરોના વાયરસના નવા ૧૬ કેસ

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં કોરોનાના નવા ૧૬ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૨૦ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૧૬૭ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૮૫,૦૮૨ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૬૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૫૯ સ્ટેબલ છે. ૮,૧૬,૧૬૭ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે. ૧૦૦૮૭ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને મોત નિપજ્યાં છે. આજે એક પણ વ્યક્તિનું મોત થયું નથી. સુરત કોર્પોરેશનમાં ૪ કેસ આવ્યા છે. વલસાડમાં ૬ કેસ આવ્યા છે. વડોદરા કોર્પોરેશનમાં ૨ કેસ આવ્યા છે. નવસારીમાં ૨ કેસ આવ્યા છે. જ્યારે અમદાવાદ-વડોદરામાં ૧-૧ કેસ આવ્યા છે. આ પ્રકારે કુલ ૧૬ કેસ આવ્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર સતત મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨ ને પ્રથમ જ્યારે ૩૬૯ વર્કર્સને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૬,૧૦૨ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૧૫૮૦૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

જમીનમાં દાવો... ● ત્રીજા પાનાનું ચાલુ

માનીને પ્રયત્નો બંધ કરી દીધા હતા.જો કે જાન્યુઆરી ૨૦૨૧ માં કોર્ટમાંથી ખેડુત નામે સમન્સ આવ્યું હતું. જેમાં ખેડુતની જમીન રૂ.૬૬.૫૧ લાખ વિઘાના ભાવે રાજેશભાઈ વાઘજી ભાઈપટેલને વેચાણ આપવાનુ નક્કી કરાયુ હતુ. જેમાં સાતબારના ઉતારા સહિતની નકલો સાથે સમજુતી કરાર હતો. સમજુતી કરાર પર ખેડુતની જ સહીઓ હતી. પરંતુ તેઓએ રાજેશભાઈને ઓળખતા પણ ન હતા. જેને પગલે તેઓએ ધિરેન ને કરી આપેલા સમજુતી કરારનો દુરઉપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. જેમાં પ્રથમ પેજ બદલીને નોટરી રજીસ્ટરમાં ખેડુતની ખોટી સહી અને અંગુઠા કરીને કોર્ટમાં દાવો કરાયો હતો. જે અંગે ખેડુતે કલેકટર કેચરીમાં અરજી કર્યા બાદ તેની તપસામાં ગુનો બનતો હોવાનું લાગતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.જેમાં ધિરેન પટેલે કરાર રજનીકાંત પ્રહ્લાદભાઈ સોની (અંજલી એપાર્ટમેન્ટ બાપુનગર) ને આપ્યો હતો અને રજનીકાંતભાઈએ કરાર રાજેશ પટેલને આપ્યો હતો. નોટરી ચંદ્રકાંત ઉમિયા શંકર શેલત સામે પણ ફરીયાદ નોંધાઈ છે.

૧૫ ટકાનો વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના અર્થતંત્રમાં મહત્વનું યોગદાન આપે છે જે નોંધનીય છે.

૨૦મી પશુધન ગણતરીના વિગતવાર પરિણામો આગામી દિવસોમાં ઉપલબ્ધ થશે પરંતુ હાલ જે તારણો આવ્યા છે તેમાં જિલ્લામાં પશુધનની વસ્તીમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

૧૯મી પશુધન વસ્તી ગણતરી અને ૨૦મી પશુધન વસ્તી ગણતરી વચ્ચે ખાસ્સો સાત વર્ષનો સમયગાળો છે. જો કે પશુધન વસ્તી ગણતરી આ વખતે આધુનિક ટેકનોલોજીના માધ્યમથી થઈ હતી.

૨૦મી વસ્તી ગણતરીના આંકડાઓ પ્રમાણે જિલ્લામાં ગાય વર્ગના પશુઓની સંખ્યા ૧,૮૪,૭૩૬ છે ભેંસ સંવર્ગની સંખ્યા ૩,૨૨,૫૭૪ છે. ઘેંટાની સંખ્યા ૨૧,૨૩૭ છે. બકરાની સંખ્યા ૬૩,૬૯૫ છે. ઘોડાની સંખ્યા ૨૫૦ છે. ઊંટની સંખ્યા ૯૮૭ છે જ્યારે અન્ય પશુઓ (જેમાં વાંદરા અને ખચ્ચર)ની વસ્તી ૬૨૯ જણાયેલ છે.

૧૯મી પશુધનની વસ્તી ગણતરી દરમ્યાન ગાયોની સંખ્યા ૧,૬૧,૦૮૮, ભેંસોની સંખ્યા ૪૪,૭૩૯ છે. જ્યારે ભેંસ સંવર્ગની સૌથી વધુ વસ્તી દહેગામમાં નોંધાઈ છે જેની સંખ્યા ૧,૧૨,૪૬૦ છે. ઘેંટા-બકરાની સંખ્યા પણ દહેગામમાં વધુ છે. ઘોડાની સંખ્યા ગાંધીનગરમાં વધુ છે. ઊંટની સંખ્યા માણસામાં વધુ છે.

૨૦૧૨ની વસ્તી ગણતરીની તુલનામાં ૨૦મી પશુધન વસ્તી ગણતરીમાં ભેંસોની સંખ્યામાં માણસા, કલોલ અને ગાંધીનગરમાં ઘટી છે. ગાયોની સંખ્યા ગાંધીનગરમાં અને દહેગામમાં વધી છે.

૮ કરોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે જઈ રહ્યા હતા ત્યારે ગોસાવી સતત સૈમ ડિસૂઝા સાથે ફોન પર વાત કરી રહ્યો હતો. ગોસાવીએ કહ્યુ કે, તે ૨૫ કરોડનો બોમ્બ નાખી દીધો છે, હવે તેને ૧૮ કરોડ રૂપિયામાં ફાઈનલ કરો. આપણે ૮ કરોડ સમીર વાનખેડેને પણ આપવાના છે.

પ્રભાકર રાઘોજી સૈલે આ મામલામાં અન્ય નામ પણ લીધા. નિવેદનમાં તેણે આગળ કહ્યુ- થોડા સમય બાદ એક બ્લૂ કલરની મર્સિડિઝ કાર આવી જેમાંથી પૂજા દદલાની ઉતરી. પૂજા દદલાની, સૈમ ડિસૂઝા અને ગોસાવી મર્સિડીઝ કારમાં બેસીને વાતો કરવા લાગ્યો. તેના ૧૫ મિનિટ બાદ બધા લોકો ચાલ્યા ગયા. ત્યારબાદ હું અને ગોસાવી મંત્રાલયની પાસે પહોંચ્યા. ગોસાવી કોઈ સાથે વાત કરી રહ્યો હતો અને પછી વાશી ચાલ્યો ગયો. વાશી ગયા બાદ ગોસાવી બીજીવાર તાડદેવ જવા માટે કહે છે અને ત્યાંથી ૫૦ લાખ રૂપિયા કલેક્ટ કરવા માટે કહ્યું. ત્યારબાદ ત્યાં ૫૧૦૨ નંબરની એક સફેદ કાર આવી, જેમાં પૈસાથી ભરેલી બે બેગ નિકળી હતી. તેને લઈને હું વાશી ગયો અને ગોસાવીને આપી દીધી.

આ નિવેદનમાં પ્રભાકરે આગળ કહ્યુ- ત્યારબાદ સાંજે ગોસાવીએ મને વાશી બોલાવ્યો, પૈસાથી ભરેલી બેગ આપી અને તેને સૈમ ડિસૂઝાને આપવાનું કહ્યું, સાંજે ૬.૧૫ કલાકે સૈમ ડિસૂઝાએ મને હોટલ ટ્રાઈડેન્ટ બોલાવ્યો જ્યા હું પૈસાથી ભરેલી બેગ લઈને ગયો અને તેને આપી દીધી. કિરણ ગોસાવી હવે ગાયબ છે અને મને ડર લાગી રહ્યો છે કે એનસીબીના લોકો તેમાં સામેલ છે, તે મને મારી ન નાખે કે ગાયબ ન કરી દે.

સફળતા મળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માનવામાં આવી રહ્યું છે કે મોદી કોરોના વેક્સિનેશન પર પોતાના વિચારો રજૂ કરી શકે છે. સાથે જ તેઓ તહેવારની સીઝનને ધ્યાનમાં લેતા લોકોને કોરોના નિયમોનું પાલન કરવાની પણ વાત કરી હતી.

વડાપ્રધાન મોદી મન કી બાત બાબતે જુદા જુદા પ્લેટફોર્મ્સ દ્વારા સામાન્ય લોકોની સલાહ અને સૂચનો માંગે છે, જેનો કાર્યક્રમ દરમિયાન ઉલ્લેખ પણ કરે છે. તમે નરેન્દ્ર મોદીની વેબસાઈટ પર જઈને રજીસ્ટ્રેશન કર્યા બાદ સૂચન મોકલી શકો છો. દ્વઅર્ણ્દ્રૈ.હ મુજબ, તમે ૧૯૨૨ પર મિસ્ડ લોક પણ કરી શકો છો અને જીસ્જીમાં પ્રાપ્ત લિક્ર દ્વારા પર્ણ઼ઁસ સુધી પોતાના સૂચન પહોંચાડી શકો છો. ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ પર કોલ કરીને પણ સૂચન રેકોર્ડ કરવી શકાય છે.

પ્રધાનમંત્રી મોદીએ છેલ્લે મન કી બાતમાં નદીઓનું મહત્વ, સ્વચ્છતા અને વોકલ ફોર લોકલ પર ભાર આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે આઝાદીની લડાઈમાં ખાદીનું જે ગૌરવ હતું, તે ગૌરવ આજે પણ યુવા પેઢી ખાદીને આપી રહી છે.

દિલ્હીના એક ખડી શો રૂમમાં એક કરોડ રૂપિયાથી વધુનો વેપાર થયો, આવું ઘણા દિવસ થયું. તેમણે એવું પણ કહ્યું હતું કે મારી ભેટોની હરાજીથી મળનારા રૂપિયા નમામિ ગંગે મિશનને આપવામાં આવશે.

'બી ટીમ'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતાં કહ્યું હતું કે, મમતા બેનર્જીઅને તેમની પાર્ટી ભાજપની બી ટીમની જેમ કામ કરે છે. તેથી મમતા બેનર્જીની પાર્ટી ભાજપનો વિરોધ કરતી નથી. તેમના પક્ષના નેતાઓ ફક્ત કોંગ્રેસને ઘેરવાનું કામ કરે છે. બંને પક્ષો સાંઠગાંઠ બની ગયા છે.

રાષ્ટ્રીય સ્તરે ટીએમસીના વિસ્તરણના મુદ્દે અધીર રંજને કહ્યું હતું કે, ટીએમસીએ બંગાળમાં માત્ર ૪ ટકા મત મેળવ્યા છે, બંગાળનો અર્થ એ છે કે હિન્દુસ્તાન નહીં હિન્દુસ્તાન એટલે બંગાળ નહીં ટીએમસી આ ગેરસમજ દૂર કરી લે. ભાજપ ઈચ્છે છે કે વિપક્ષ મજબૂત ન થઈ શકે તે બદલ ટીએમસી જેવી પાર્ટીને આગળ ધપાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત શનિવારે યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં પણ ટીએમસીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

સરહદ કાયદો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સિદ્ધાંતોનું પાલન કરીને પડોશી દેશો સાથે ભૂમિ સરહદ સંબંધી મુદ્દાને ઉકેલશે અને લાંબા સમયથી પડતર સરહદ સંબંધી મુદ્દાઓ અને વિવાદોના યોગ્ય સમાધાન માટે વાતચીતની મદદ લેશે. બેઈજિંગે પોતાના ૧૨ પડોશીઓની સાથે તો સરહદ સંબંધી વિવાદ ઉકેલી લીધો છે, પરંતુ ભારત અને ભૂટાન સાથે તેણે હજુ સુધી સરહદ સંબંધી સમજૂતીને અંતિમ રૂપ નથી આપ્યું.

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ વાસ્તવિક નિયંત્રણ રેખા પર ૩,૪૮૮ કિલોમીટરના ક્ષેત્રમાં છે, જ્યારે ભૂટાન સાથે ચીનનો વિવાદ ૪૦૦ કિલોમીટરની સરહદ પર છે. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ ગત સપ્તાહે કહ્યું હતું કે, પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ઘટનાક્રમોને સરહદી વિસ્તારોમાં શાંતિને ગંભીર રીતે પ્રભાવિત કરી છે. સ્પષ્ટ રીતે તેની વ્યાપક અસર સંબંધો પર પણ પડી છે.